# -: રમઝાન મહીનાની પરખ :-

✪ ઝિંદગી વધારવાને બદલે સુધારવાનો મહીનો - રમઝાન.

✪ બુરાઈઓ, લગઝિશો, કોતાહીઓ અને બદ-ખયાલોના મૈલને અસરકારક ધોતું ઈલાહી ડીટરજન્ટ પાવડર - રમઝાન.

✪ દર ૬ કલાકે મુમેનીનમાં મોહબ્બત, ઈખ્લાસ, દોસ્તી અને ભાઈચારાનું ૩૦ દિન વાસ્તે રૂહાની ટોનીક પૈશ કરતો - રમઝાન.

✪ અરકાને શરીઅતની પાબંદી વાસ્તે રોઝ સબક આપતો મહેરબાન ઉસ્તાઝ - રમઝાન.

✪ અપના ચહીતા દાઈઝઝમાન (ત.ઉ.શ.) ની દહેલીઝ મુબારક પર આવીને દસ્તબદસ્તા થઈને વાજેબાત અદા કરવાની રાહ બતાવતો હાદી - રમઝાન.

✪ અમલે નૈકથી મુમિનના નફસો જાનને નૂરાની લિબાસ પહેરાવતો - રમઝાન.

✪ હાજતમંદો-ઝરૂરતમંદોને માલી ઈમ્દાદ વાસ્તે મુમિનને રગબત અપાવતો દોસ્ત - રમઝાન.

✪ વેપાર-રોઝગારમાં કસ્બે હલાલથી રોઝી કમાવવા વાસ્તેનો ખઝાનો - રમઝાન.

✪ જિસ્મના તમામ આઅઝાઓમાં રોઝું રખાવી બિમારીથી શિફા અપાવતો ડૉક્ટર - રમઝાન.

✪ ઈદની ખુશી અને ફરહતની બહાર લાવવા વાસ્તેનું દિલકશ ગુલિસ્તાન - રમઝાન.

✪ એક ફરઝની એક નહીં મગર ૭૦ ફરઝનો સવાબ ઓફર કરતી જન્નતી કંપની - રમઝાન.

✪ હર મુમિનના ઘરમાં નફીસમાં નફીસ નેઅમતો અને હદીયાઓની સૌગાત લાવતો મહેમાન - રમઝાન. ★